# AI ના યુગમાં માતૃભાષાનું ભવિષ્ય:

# સંકટનાં એંધાણ કે સંભાવનાનો સંકેત?

ફાયરવોલ

રાજ ગોસ્વામી



હમણાં થોડા સમય પહેલાં, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે, આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI)ના જમાનામાં માતૃભાષા સાથે શું થશે તેના પર વાર્તાલાપ કરવાનો મોકો મળ્યો હતો. કેવું કહેવાય! આપણે હજુ ગઈકાલ સુધી અંગ્રેજીના ચલણમાં માતૃભાષાનું શું થશે તેની ચિંતા કરતા હતા, ત્યાં આ AIની નવી 'મોંકાણ' આવી પડી છે.

AI, જેણે ઘણું બધું ઉપરતળે કરી નાખ્યું છે, તે આપણી જેમ જ મશીનોને બોલતાં અને વિચારતાં કરી દેશે તો, આવનારી પેઢીની ભાષાનું શું થશે તે ચિંતા સમયસરની તો છે જ, કદાચ આવનારા દાયકાઓમાં તેની વધુ ને વધુ ચર્ચા પણ થતી રહેશે.

એક તો, AIએ તો હજુ પાશેરામાં પૂણી મૂકી છે. તે જે ઝડપે વિકસી રહી છે તે જોતાં તેના સ્વરૂપ અને પ્રભાવ વિષે કશું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. AIની દુનિયામાં રોજેરોજ ઈનોવેશન થઇ રહ્યાં છે. એટલે તે કેવી ક્ષમતાઓ વિકસાવાશે એ પણ ખબર નથી અને તેનાથી કેવા પ્રશ્નો ઊભા થશે તે પણ. છતાં, ભાષાને સંબંધ છે ત્યાં સુધી એક વાત સ્પષ્ટ છે- માતૃભાષા આપણી ઈમોશનલ ઓપરેટિંગ સિસ્ટમ છે અને AI તેનું નવું હાર્ડવેર છે. ભવિષ્ય ત્યારે સૌથી સુંદર સ્વરૂપ ધારણ કરશે, જ્યારે બંને સાથે-સાથે ચાલશે. કેવી રીતે? સમજીએ.

આપણે લખવા-વાંચવાનું બહુ પાછળથી શીખ્યા. સૌથી પહેલાં આપણે માતાનો અવાજ સાંભળ્યો હતો. એ પહેલી ભાષા હતી. આપણને હાલરડાંમાં પહેલી દુનિયા 'દેખાઈ' હતી. ઘરમાં બોલાતી કહેવતો મારફતે આપણને 'જ્ઞાન' મળતું હતું.

માતૃભાષા એટલે જન્મથી જ પરિવાર અને આસપાસના સમાજ દ્વારા સહજ રીતે શીખાતી પ્રથમ ભાષા, જે ભાષામાં આપણે બોલતાં શીખીએ, વિચારીએ, લાગણીઓ વ્યક્ત કરીએ અને સપનાંઓ જોઈએ તે. અમેરિકા સ્થિત કવયિત્રી પન્ના નાયકે એક કવિતા લખી હતી:

આપણને જે ભાષામાં સપનાં આવે એ આપણી માતૃભાષા મને હજીય ફિલાડેલ્ફિઆમાં સપનાં ગુજરાતીમાં આવે છે પણ મારી આસપાસના કેટલાક ગુજરાતીઓ ઉમાશંકરની છબિ જોઈને સતત પૂછ્યા કરે છે : 'આ કોની છબિ છે ?'

'આ કોની છબિ છે ?' અને મારું સપનું નંદવાઈ જાય છે.

(સપનાંનાં હૈયાંને નંદવામાં વાર શી ?)

માતૃભાષા માત્ર વ્યાકરણ કે શબ્દભંડોળ નથી. તે હૃદયની ભાષા છે. તેમાં માતા હાલરડું ગાય, દાદી વાર્તા કહે, પિતા સમજણ આપે અને આપણે પહેલી વાર 'હું' કહીએ તે માતૃભાષા.

માતૃભાષા એટલે ઓળખ. માતૃભાષા એટલે સ્મૃતિ. માતૃભાષા એટલે સંસ્કૃતિ. માતૃભાષા એટલે આપણી અંદરનો અવાજ. વિશ્વની કોઈ પણ બીજી ભાષા આપણે શીખી શકીએ પરંતુ જે ભાષામાં આપણે રડી શકીએ, હસી શકીએ, ગુસ્સે થઈ શકીએ અને નિ:શબ્દ રહી શકીએ, એ માતૃભાષા હોય છે.માણસ તરીકે આપણી ઊંડી અનુભૂતિઓ, ભય, પ્રેમ અને એકલતા સૌથી પહેલાં માતૃભાષામાં આકાર લે છે. જો એ ભાષા ક્ષીણ થઇ જાય, તો વિચારવાનો એક ઢંગ પણ ક્ષીણ થઇ જાય છે. જ્યારે કોઈ ભાષા મરે છે ત્યારે તેની સાથે દુનિયાને જોવાની એક દ્રષ્ટિ પણ મરી જાય છે. ભાષાઓ સાંસ્કૃતિક ધરોહરની વાહક હોય છે; તે ખાલી સંવાદનું સાધન નહીં, સભ્યતાનો જીવિત અભિલેખ છે.

એવા ઘણા શબ્દો છે જેનો અનુવાદ તો સંભવ છે પણ અર્થનો વિસ્તાર નહીં. જેમ કે 'લાગણી'ને ઈમોશન કહી દેવાથી તેની આત્મીયતા નથી આવતી. 'આબરૂ' માત્ર રેપ્યુટેશન નથી, તેમાં પરિવાર અને વંશનું ગૌરવ પણ સામેલ છે. સંબંધોની ઓળખ માટેના શબ્દો- જેમ કે સાળો, જીજાજી, દિયર, સાળી, નણંદ- અંગ્રેજીમાં બ્રધર-ઈન-લો અથવા સિસ્ટર-ઈન-લો બનીને તેની


**માણસ તરીકે આપણી ઊંડી અનુભૂતિઓ, ભય, પ્રેમ અને એકલતા સૌથી પહેલાં માતૃભાષામાં આકાર લે છે. જો એ ભાષા ક્ષીણ થઇ જાય, તો વિચારવાનો એક ઢંગ પણ ક્ષીણ થઇ જાય છે. જ્યારે કોઈ ભાષા મરે છે ત્યારે તેની સાથે દુનિયાને જોવાની એક દ્રષ્ટિ પણ મરી જાય છે**

વિશિષ્ટતા ગુમાવી દે છે. એટલા માટે માતૃભાષા આપણી ભાવનાઓનો સૂક્ષ્મ નકશો છે.

એમાં AIનો પ્રવેશ થયો છે. આ પ્રિન્ટીંગ પ્રેસ, રેડિયો કે ટેલિવિઝન જેવું સાધારણ માધ્યમ નથી; તે એક સ્વતંત્ર સત્તા છે. AI શીખી શકે છે, લખી શકે છે અને વિચારી પણ શકે છે પણ તે ફીલ કરી શકતું નથી. તેની પાસે ચેતના નથી, એટલે અનુભૂતિ પણ નથી. તેના માટે માનવીય ભાષાનો કોઈ વિકલ્પ નથી.

એટલે AI ભાષાને નહીં મારે, ભાષા પ્રત્યેની આપણી ઉદાસી તેને મારશે. AI ડેટા પર કામ કરે છે. જે ભાષા (અત્યારે અંગ્રેજી)માં વધુ ને વધુ ડેટા સર્જાશે, તેટલી તે ભાષા AIમાં મજબૂત થશે. આ શબ્દકોશ જેવું છે. એમાં નવા નવા શબ્દો ઉમેરાતા જાય, તેમ તમે તે સમૃદ્ધ થતી જાય અને ભાવિ પેઢીઓ તે વાંચીને ભાષા લખતી-બોલતી રહે.

અર્થાત્, ડિજિટલ દુનિયામાં ગુજરાતી ભાષા જેટલી વધુ ઉપયોગમાં લેવાશે, AIનો 'શબ્દકોશ' એટલો તગડો થશે. AI વાસ્તવમાં નાની ભાષાઓ માટે વરદાન છે; તે તેને પ્રાદેશિક સ્તરેથી વૈશ્વિક સ્તરે લઇ જશે. આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે AI આપણી ભાષા શીખે- પણ આપણે તેને ભૂલવાની નથી. આપણે નવી કવિતાઓ, હાલરડાં, ભજનો રચતા રહીશું, તો તે નવી પેઢી સુધી જશે અને તો જ નવું હાર્ડવેર અને આપણી ઈમોશનલ ઓપરેટિંગ સિસ્ટમ સાથે-સાથે, સંતુલિત અને સશક્ત બનીને ચાલી શકશે.●



## ઈશિતાનું અલકમલક

### સંસારી સંબંધની સોદાબાજી....

આજકાલ જુવાન હૈયાંઓની જેમ આયુમાં સીનિયર ગણાતા વડીલો પણ પોતાના વિજાતીય સંબંધી સાથે બે વત્તા બે એમ ચાર નયન લડાવીને લાપત્તા થઈ જતા હોવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. જમાઈની સાસુમા એની જ દીકરીના સસરા સાથે 'ગુમ' થઈ જાય કે ઘરની નવી પરણેતર વહુ પોતાના પતિને પડતો મૂકીને સસરા સાથે 'નવ દો ગ્યારાહ' કરી જાયના કેટલાક તાજા કિસ્સા 'ઈશિતા'એ તમને ગયા સપ્તાહે જ મમળાવ્યા. અહીં સુધી માની લીધું કે કામચલાઉ મોહ - આકર્ષણ પેલા બે વચ્ચે કામ કરી ગયાં. જો કે ભરથારને તરછોડી જવાને બદલે કેટલીક અર્ધાંગના 'એક ઘા ને બે ટુકડા' જેવી નીતિ અખત્યાર કરે છે. ના, એ પતિને છૂટાછેડા નથી આપતી ..એ તો પોતાના પ્રેમીની મદદ લઈને પતિને સીધા પરમેશ્વરધામ- પરલોક રવાના કરી દે છે...! આવા બનાવ પણ વધી રહ્યા છે. જસ્ટ તમારી જ જાણ સહજ કે 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો' અનુસાર સરેરાશ વાર્ષિક ૮૭ હત્યાના હિસાબે છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૭૮૫ પુરુષની હત્યા થઈ છે, જેની મુખ્ય અપરાધી તરીકે



એમની ધર્મપત્ની સાબિત થઈ છે! જો કે એ બધાંની વચ્ચે એક અહિંસક રસ્તો પણ અપનાવનારી માનુની હોય છે. એક તાજી ઘટના જાણીએ એ પહેલાં તમને પેલી હીટ ફિલ્મ 'જુદાઈ' યાદ છે, જેમાં પત્ની શ્રીદેવી ધનદોલતની લાલચમાં ખુદ પતિ અનિલ કપૂરના લગ્ન એક શ્રીમ્ત યુવતી ઉર્મિલા માતોંડકર સાથે ખુદ કરાવી દેવાની પેરવીમાં છે. આવી જ અદ્દલોદલ ઘટના હમણાં ભોપાળમાં બની છે. ત્યાંની ફેમિલી કોર્ટમાં એક કેસ સામે આવ્યો છે. એક સરકારી અધિકારીને સાથે કામ કરતી અન્ય એક લેડી સાથે પ્રેમ થઈ ગયો. પતિ પેલીના પ્રેમમાં એવો મદહોશ હતો કે એની પત્ની ત્રાસી ગઈ અને લગ્નસંસારની શાંતિ છિન્નભિન્ન થઈ ગઈ. આથી સંતાનો અને પોતાનાં સુખ -શાંતિ - આર્થિક સદ્ધરતા માટે પતિની પેલી પ્રેમિકા સાથે એક 'કરાર' કર્યો કે એ પોતાના બંધનમાંથી પતિને 'મુક્ત' કરી દેશે. શરત માત્ર એટલી કે પેલી પ્રેમિકા એટલે કે એની શૌક્ય - સૌતન એને રોકડા દોઢ કરોડ રૂપિયા ચૂકવે અને પેલીએ એને એ રકમ પણ ચૂકવી દીધી અને પેલીના પતિ અને પોતાના પ્રેમીનો કબજો મેળવી લીધો!

બોલો, ઐસા ભી હોતા હૈ...

### આકાશને આંબે છે પ્લેનનાં સપનાં

'શોખ બડે કામ કી ચીજ હૈ!' આવો જ કંઈક સંવાદ છે મનોજ બાજપેયીની એક જાહેરખબરમાં. વાત સાચી છે. શોખ પાળવો કંઈ સરળ કે સસ્તું હોતું નથી. એની પાછળ ગજબનો ઉત્સાહ અને એક પ્રકારનો ક્રેઝ- પાગલપણું પણ હોવું જરૂરી છે. કેટલાક લોકોની ઔકાત- વિસાત નથી હોતી છતાં એ લોકો એવા શોખ પાળે છે અને એને ટકાવી રાખવા જહેમત પણ કરતા હોય છે. અમેરિકામાં આવું એક યુગલ વસે છે. બન્ને હવાઈયાત્રાના જબરા શોખીન. એમાંય પતિ બ્લેક મોરિસ તો હેલિકોપ્ટરનો ભૂતપૂર્વ પાઈલટ એટલે એને હવામાં ઊડવાનો પૂરતો અનુભવ. પત્ની મેગી પણ પતિના હવાઈ શોખમાં પૂરતો સાથ પુરાવે. મોરિસ-મેગીએ નવું ઘર ખરીદવાનું હતું. બન્નેની પહેલી પસંદગી હતી કે નવું ઘર તો હેલિકોપ્ટર જેવું જ હોવું જોઈએ. આના માટે બન્નેએ સોશ્યલ મીડિયા પર શોધ આદરી. એની સાથે મોરિસ એવાં ઠેકાણાં શોધવા માંડ્યાં જ્યાંથી એ લશ્કરમાં વપરાયેલી જૂની જીપ-ટેંક-કોપ્ટર જેવાં સાધન વેચાતાં મળી આવે. 'ફેસબુક' પર મોરિસને જોઈતું હતું એવું એક હેલિકોપ્ટર મળી આવ્યું. આ કોપ્ટર અમેરિકન સૈન્યે થોડાં વર્ષ અફઘાનિસ્તાન યુદ્ધમાં વાપરીને વેચી માર્યું હતું ,જે કોઈ જર્મનને ત્યાં રહીને ફરી વેચાવા નીકળ્યું હતું. મોરિસે એ તરત ખરીદી લીધું અને પત્ની મેગીએ એની ઘરસજ્જા શરૂ કરી દીધી. કોપ્ટરના સૌથી પાછળના ભાગમાં બારી બનાવી, જેથી પૂરતો સૂર્યપ્રકાશ મળે. એ જ રીતે કોપ્ટરના મધ્ય ભાગમાં ફ્રિજ સાથે મિની કિચન- બેડરૂમ- ટોઈલેટ પણ બનાવ્યાં. પાઈલટની સીટ પાછળાના ભાગમાં ટીવી ગોઠવીને કોફી ટેબલ ઈત્યાદિનો લાઉન્જ એરિયા તૈયાર કર્યો. આ યુગલે આશરે ૯૦૦થી વધુ કલાક કામ કરીને 'પુમા' હેલિકોપ્ટરને સરસ મજાનું-રૂપકડું હોમ સ્વીટ હોમમાં પલટી નાખ્યું. આ કોપ્ટર હવામાં તો ઊડી ન શકે એટલે એમાં પૈંડાં જોડીને એને રસ્તાના રન-વે પર દોડતું મોટરહોમ બનાવી દીધું છે! અમેરિકન કપલ મોરિસ-મેગીને હેલિકોપ્ટરને જ ઘરમાં પલટાવાનો શોખ હતો. એ તો સેકન્ડ હેન્ડ કોપ્ટર ખરીદી શકે એવા ખમતીધર પણ ખરા. એની સરખામણીએ કમ્બોડિયાના સીમ રીપ ટાઉનમાં ચરચ પીયુ નામનો બાંધકામ કરતો એક શ્રમિક રહે છે. એને પણ ન જાણે કેમ એરોપ્લેન જેવું જ ઘર બનાવવાની ધૂનકી ચઢી હતી. મજાની વાત એ કે આ મિસ્ટરે ક્યારેય પ્લેનમાં પગ પણ મૂક્યો ન હતો છતાં પ્લેન જેવું જ ઘર બનાવવાનું એનું સપનું હતું. સમય જતાં મજૂરીની આવકમાંથી એ ઘરખર્ચ કાઢીને બચત પણ કરતો. થોડા સમય પહેલાં એણે ૨૦૦૦ ડોલર(આશરે રૂપિયા ૧૬ લાખ)ની બચતની રકમમાંથી પોતાનું ઘર બંધાવ્યું અદ્દલોદલ એક વિમાનના કદ-આકારનું! અહીં એ પોતાના પરિવાર સાથે મોજથી રહે પણ છે. એનું આ વિમાન-ઘર આજે કમ્બોડિયામાં એક કૌતુક તરીકે જાણીતું થઇ ગયું છે.અહીં એને જોવા લોકો આવે છે ને ૧ ડોલરનો ચાર્જ ચૂકવીને એના વિમાન-ઘરમાં લટાર મારે છે અને સેલ્ફી સુદ્ધાં લે છે!●



કમ્બોડિયન કાર્પેન્ટરનું હાથે બનાવેલું વિમાન



અમેરિકનનું કોપ્ટર ઘર

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» તાજેતરમાં જ આપણે બધાએ 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી કરી. એ અવસરે 'ભારતની કઈ કઈ ભાષાની કેટલી ફિલ્મ્સ બને છે' એનું એક સરવૈયું - તારણ નીકળ્યું જેના આંકડા રસપ્રદ છે, જેમ કે દર વર્ષે આપણે ત્યાં ૨૦ ભાષામાં ૧૫૦૦ થી ૨૦૦૦ ફિલ્મ્સનું નિર્માણ થાય છે. એમાં સૌથી વધુ સંખ્યા ૨૮૫ તમિળ ભાષાની ફિલ્મ્સ છે, જેનું વાર્ષિક ટર્નઓવર આશરે ૨૬૦૦ કરોડ રૂપિયા છે. એ પછીના ક્રમે તેલુગુ (૨૮૨ ફિલ્મ્સ-૨૩૭૫ કરોડ ટર્ન ઓવર), કન્નડ (૨૫૫ ફિલ્મ્સ - ૫૦૦ કરોડ), મલયાલમ (૨૧૭ - ૫૦૦ કરોડનું નુકસાન!) અને ૨૩૫ જેટલી હિન્દી ફિલ્મ્સ પ્રદર્શિત થઈ, જેનું આશરે ટર્નઓવર રહ્યું રૂપિયા ૫,૫૦૦ કરોડ!
આ બધા વચ્ચે આપણી માતૃભાષા ગુજરાતીની ૫૦ ફિલ્મ્સ આવી જેનું ટર્નઓવર રહ્યું ૨૫૦ કરોડની આસપાસ. એમાં સૌથી ઉલ્લેખનીય રહી 'લાલો'. આ ફિલ્મે ૧૨૦ કરોડની કમાણી કરીને ગુજરાતી ફિલ્મઉદ્યોગમાં નવી તાજગી લાવી દીધી.

» હમણાં સમાપ્ત થયેલી 'મિલન વિન્ટર ઓલિમ્પિક્સ'માં એક નવી નવાઈનો વિક્રમ સર્જાયો હતો. ત્યાં ભાગ લેતા ખેલાડીઓને જાતીય તણાવથી દૂર રહે એ માટે સત્તાવાર રીતે કોલગર્લ્સની છૂટ આપવામાં આવી હતી અને ત્યાં ભાગ લેતાં ૨૯૦૦ ખેલાડીઓ જાતીય રોગથી મુક્ત રહે એ માટે ૧૦ હજાર કોન્ડોમ મંગાવવામાં આવ્યા હતા પણ ઓલિમ્પિક્સ પૂરી થાય એ પહેલાં પેલા ૧૦ હજાર કોન્ડોમનો પુરવઠો પૂરો થઈ જતાં ચાલુ રમતોત્સવમાં કટોકટી સર્જાઈ ગઈ હતી!


### ઈશિતાની એલચી

**સુખી થવાનો સચોટ ઉપાય:
અપેક્ષાની ઉપેક્ષા કરતાં શીખી જાવ!!**

# શિયાળો કે ઉનાળો?

બોલ્યું-ચાલ્યું માફ

ઉર્વિશ કોઠારી



ઉનાળો શરૂ થયો કે નહીં તે પ્રશ્ન, ચૂંટણીપંચ ગોટાળા કરે છે કે નહીં--એવો વિવાદી ભલે ન હોય, વડાપ્રધાન વિદેશી વડાઓ સામે ઘેલાં કેમ કાઢે છે એવો માનસશાસ્ત્રીય ભલે ન હોય, મોદી મંત્રીમંડળના મંત્રી હરદીપ પુરીનો એપસ્ટીન સાથે શો સંબંધ હતો, એવો ચકચારી ભલે ન હોય, કે રાજ્ય સરકાર પુખ્ત વયનાં વર-કન્યાનાં લગ્નમાં રોડાં કેમ નાખે છે એવો શાસકીય પણ ભલે ન હોય, છતાં તેનું મહત્ત્વ ઓછું નથી. કેમ કે, તે વ્યાપક જનસમાજને સ્પર્શે છે.

ફેબ્રુઆરી મહિનો ઉતરતે ઉતરતે એ સવાલનું અસ્તિત્વ વજનદાર બનવા માંડે છે. શિયાળા અને ઉનાળા વચ્ચે વાડ બાંધેલી કે ખાઈ ખોદેલી સરહદો તો હોતી નથી. તે બંનેએકસાથે પણ રહી શકે છે: બપોરે ગરમી લાગે ને રાત્રે ઠંડી. એટલે ઉનાળો શરૂ થયો કે નહીં, તેનો દિવસે જુદો જવાબ મળી શકે ને રાત્રે જુદો. રૂઢિ-પરંપરામાં માનતા લોકો જૂની કહેણી યાદ કરીને કહે છે, 'શિવરાત્રી આવે એટલે ઠંડી 'શિવ, શિવ' કરતી કૂવામાં પડે. ત્યારથી ઉનાળો ચાલુ.' નિયમબદ્ધ - અને તેમાં પણ અન્ડરલાઈન 'નિયમ' નીચે નહીં, 'બદ્ધ' નીચે હોય એવા - લોકો કહી શકે, 'અમારો તો વર્ષોથી નિયમ છે. 15 માર્ચ પહેલાં પંખો ચાલુ નહીં કરવાનો એટલે નહીં કરવાનો. એવા તે શું ગરમીથી બફાઈ જવાના? આપણે વળી યુરોપમાં જન્મેલા થોડા છીએ? આ તો બધી ચરબી છે ચરબી- બધા છતના ચાળા છે.'

પરંપરા કે સિદ્ધાંતોને બદલે વધારે વ્યવહારુ, સામાન્ય અને લૌકિક માપદંડો રાખનારા માને છે, 'આપણને એવી બધી ખબર ન પડે. ઉનાળો આવ્યો કે નહીં, એવા સવાલ માટે આટલી ચૂંથ શી કરવાની? ગરમી લાગે તો પંખો કરવાનો, વધુ ગરમી લાગે ને ઘરમાં એસી હોય તો એ ચાલુ કરવાનું ને ઠંડી લાગે તો ઓઢી લેવાનું. ડાહ્યો માણસ હોય ને, એ તો ચર્ચાઓમાં સમય બગાડવાને બદલે, પંદર-વીસ મિનીટ વધારે ઉંઘી જાય. જેમ ભૂખ ન જુએ ટાઢો ભાત, તેમ ઉંઘ ન જુએ શિયાળા-ઉનાળાનો કકળાટ.'

આવા લોકો કોઈ પણ ઉગ્રમાં ઉગ્ર ચર્ચા પર ઠંડું પાણી રેડી શકે છે. તેની પરથી યાદ આવ્યું કે ઉનાળાના છડીદારો પૈકી નંબર વનનો દાવો કરી શકે એવું એક પરિબળ છે ઠંડું પાણી. ઘણાં ઘરોમાં ફેબ્રુઆરીના એક દિવસે, કશી ચર્ચા વિના, ફ્રિજમાં પાણી ભરેલી એક બોટલ મુકાઈ જાય છે. બીજા સભ્યો ફ્રિજ ખોલે અને તેમની નજર પાણીની બોટલ પર પડે, તે સાથે જ તેમને બત્તી થાય છે: 'ઓહો, શું વાત છે? ઉનાળો આવી ગયો?' તેના જવાબમાં કોઈ એવું તો ન જ કહે કે, 'આ પાણી તો નહાવા માટે મુક્યું છે. બાકી પીવામાં તો ઉકળતું પાણી જ લઈએ છીએ.' બીજી તરફ, જેમણે શોખથી કે જરૂરિયાતથી પાણી ઠંડું થવા મુક્યું હોય, તેમને 'મૈંને ઐસા તો નહીં કહા થા' જેવું થાય છે, 'મેં ક્યાં એવું કહ્યું કે ઉનાળો આવી ગયો?... તમે મારી ફક્ત એક ચેષ્ટા પરથી ઉનાળાના આગમન જેવી મોટી પર્યાવરણીય ઘટનાની જાહેરાત ન કરી દો. બને કે કોઈ નવી સીસ્ટમ સર્જાય અને ઠંડીનું મોજું પાછું આવે, તો મારે સમાજમાં કે ઓનલાઈન સમાજમાં શું મોં બતાવવું?'

છેલ્લાં થોડાં વર્ષથી ગુજરાતમાં હવામાનને લગતા વરતારા ભાખનારા એક ભાઈની બોલબાલા થઈ છે. તેમની કેટલીક વાતો સાચી પડી, તેના કારણે ઘણા લોકો તેમને ટાંકતા થઈ ગયા છે. લોકોને તેમની કેટલીક આગાહી સાચી પડે છે એની નવાઈ લાગે



છે કે ગાંધીનગરમાં રહેતા હોવા છતાં તેમની કેટલીક વાતોમાં સચ્ચાઈ હોય છે તેનું આશ્ચર્ય થાય છે - એ ખાતરીપૂર્વક કહેવું અઘરું છે. છતાં, ઋતુવિવાદ વધી પડે તો તે ભાઈને પૂછવાનું સૂચન કરી શકાય.

એ પદ્ધતિ ભારતીય પરંપરાને બહુ અનુકૂળ આવે એવી છે. કેમ કે, તેમાં પૂછનારે કશું વિચારવાનું રહેતું નથી. આપણને પંખો કરવાથી ઠંડી લાગતી હોય, પણ એ ભાઈ કહે કે ઉનાળો બેસી ગયો, તો પછી બેસી ગયો. તેમાં 'જો અને તો'ને ક્યાં અવકાશ રહ્યો? એ વિષયમાં એમને વધારે ખબર પડે કે આપણને? શિયાળાના અંત અને ઉનાળાના આરંભ વચ્ચેનો પણ એક પ્રદેશ હોય છે, જે બોલચાલની ભાષામાં 'ડબલ સીઝન' તરીકે ઓળખાય છે. તે એવો જાદુઈ શબ્દ છે, જે દરેક બોલનારનું સશક્તિકરણ કરે છે. આજકાલ શું ચાલે છે, એવી વાતમાં 'જવા દો ને, જબરી ડબલ સિઝન ચાલે છે'- એવું કહેવાથી ઘણી વાર મૌલિક સંશોધન રજૂ કર્યાની અનુભૂતિ થઈ શકે છે. બોલનારને એવું લાગી શકે છે કે જોયું? એક અટપટી, ગૂંચવનારી, પેચીદી હવામાનશાસ્ત્રીય ઘટનાનું મેં કેવું સચોટ નિદાન કરી નાખ્યું?

મૌલિકતાનો ધક્કો અંદરથી આવ્યો હોય તો 'ડબલ સીઝન'ની જાહેરાતથી તે અટકતો નથી. ત્યાંથી તો કથા શરૂ થાય છે.

**દેશ જે દિશામાં આગળ વધી ચૂક્યો છે તે જોતાં, કોઈ ધૂર્ત બાબા કે રાજ્યાશ્રય ધરાવતો કોઈ બળાત્કારી ગુરુ ભવિષ્યમાં 'ડબલ સીઝન દેવી' નામે નવો સંપ્રદાય કાઢે અને નેતાઓ તેના આશીર્વાદ લેવા પણ પહોંચી જાય, તો નવાઈ નહીં**

પછી ડબલ સીઝન એ કોઈ વણખેડાયેલો પ્રદેશ હોય ને તેની જાહેરાત કરનાર હમણાં જ એ પ્રદેશ ખેડીને પાછો આવ્યો હોય તેમ, તે ડબલ સીઝનના અનુભવોની વાત માંડે છે. તેમાં બપોરે પરસેવો, સાંજે ઠંડક, રાત્રે ઠંડીનું વિસ્તારથી વર્ણન આવે છે અને એમ થવાને કારણે આવતી બીમારીઓનું સ્મરણ કરાવીને ડબલ સીઝનની ભયંકરતા સ્થાપિત કરવાની કોશિશ થઈ રહી છે. દેશ જે દિશામાં આગળ વધી ચૂક્યો છે તે જોતાં, કોઈ ધૂર્ત બાબા કે રાજ્યાશ્રય ધરાવતો કોઈ બળાત્કારી ગુરુ ભવિષ્યમાં 'ડબલ સીઝન દેવી' નામે નવો સંપ્રદાય કાઢે અને નેતાઓ તેના આશીર્વાદ લેવા પણ પહોંચી જાય, તો નવાઈ નહીં.●